# આક્રોશ જાગૃતિમાં પરિણમે એ જ સાચી અંજલિ



દિલ્હીની ઘટનાએ સમગ્ર દેશને જગાડી દીધો છે. શનિવારની વહેલી પ્રભાતે ગેંગરેપની પિડીતાના મૃત્યુના સમાચારથી દેશભરમાં આક્રોશ ફાટી નિકળ્યો છે. આઝાદી બાદના ૬૫ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર જનસમાજ સડક પર આવ્યો છે. કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી કોલક્તા સુધી વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે. ગેંગરેપની પીડીતાના મૃત્યુથી જનસમાજ હલી ગયો છે. રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને તમામ રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો, કલાકારો, સૌએ એકી અવાજે અપરાધીઓને કડકમાં કડક સજાની માંગ કરી છે. દેશ જાગૃત બન્યો, આવકારદાયક અવાસર છે... યુવાનોનો આક્રોશ સલામને પાત્ર છે. દિલ્હીની સડકો પર 'વી વોન્ટ જસ્ટીસ'ના બુલંદ અવાજ સાથે દેશભરમાંથી યૌવન ઉમટ્યુ અને સરકારને હચમચાવી દીધી, તે સૂચક ઘટના છે... સૌ સરકાર પાસે જવાબ માંગે છે, પોલીસ તંત્ર પાસે હિસાબ માંગે છે, જન આક્રોશ, જનજાગૃતિમાં પરિવર્તિત કરવા સમાજચિંતકો પ્રયાસ કરે છે. દેશભરના દેખાવો માત્ર વિરોધ માટે નહિ પણ જાગૃતિ માટે બની રહે એવી આશા એવમ્ શ્રદ્ધા અસ્થાને નથી.

બળાત્કાર અને ગેંગરેપ જેવા ગંભીર પ્રકારના સામાજિક ગુનાઓમાં અપરાધીઓને દાખલારૂપ સજાની જોગવાઈ થવી જ જોઈએ. સંસદનું વિશેષ સત્ર બોલાવીને પણ તાકિદે કાયદો ઘટવો જોઈએ. તમામ રાજકીય પક્ષોના આગેવાનો અને તંત્ર વાહકો અને કેન્દ્ર સરકારે દેશની મહિલાઓના રક્ષણની ખાતરી આપી આ ઘટના માટે માફી માંગવી જોઈએ.

તંત્રી સ્થાનેથી....

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૯૦ | ૩૦ ડિસેમ્બર, ૨૦૧૨, રવિવાર; માગશર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મંત્રીઓને વિભાગોની ફાળવણી

## મોદીના નેતૃત્વમાં રાજ્ય મંત્રીમંડળની પ્રથમ બેઠક યોજાઈ : આનંદીબેન પટેલને મહેસૂલ, માર્ગ મકાન અને શહેરી વિકાસ, નીતિનભાઈ પટેલને નાણાં, ભૂપેન્દ્રિસિંહ ચુડાસમાને શિક્ષણ ખાતું, સૌરભ પટેલને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ ખાતું

અમદાવાદ, તા. ૨૯

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજયમંત્રી મંડળની પ્રથમ બેઠક યોજાઈ હતી જેમાં નવા મંત્રીઓને ખાતાઓની ફાળવણી કરવામાં આવી હતી. નીતિનભાઈ પટેલને નાણાં અને આરોગ્ય તથા તબીબી શિક્ષણ વિભાગની જવાબદારી સોંપવામાં આવી હતી. નરેન્દ્ર મોદીએ પણ પોતાની પાસે ઘણા બધા ખાતાઓ રાખ્યા છે. જેમાં સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા અને તાલીમ, ઉદ્યોગ, ગૃહ, ક્લાઈમેટ ચેન્જ, બંદરો, માહિતી અને પ્રસારણ, નર્મદા, કલ્પસર, વિજ્ઞાન અને ટેકનોલોજીનો સમાવેશ થાય છે આ ઉપરાંત કોઈ મંત્રીઓને ફાળવવામાં ન આવ્યા હોય તેવા તમામ વિભાગો મોદી પોતે સંભાળી રહ્યા છે. નીતિન પટેલને નાણાં ખાતું આપવામાં આવ્યું છે જ્યારે રમણલાલ વોરાને સામાજિક ન્યાય અને અધિકારીતા, રમતગમત, યુવા સાંસ્કૃતિક બાબતોની જવાબદારી સોંપવામાં આવી છે. ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમાને શિક્ષણ( પ્રાથમિક, માધ્યમિક)નો સમાવેશ થાય છે. આ વખતે રમણલાલ વોરાનું ખાતું બદલી લેવામાં આવ્યું છે. આ વખતે ખાતાઓમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જો કે આનંદીબેન પટેલ મહેસૂલ, દુષ્કાળરાહત, જમીન સુધારણા, પુનઃવસવાટ ખાતુ જાળવી રાખવમાં સફળ રહ્યા છે. સૌરભ પટેલને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સની જવાબદારી સોંપવામાં આવી છે. રાજ્યમંત્રી મંડળની બેઠકમાં તમામ પાસાઓ પર વિસ્તારપૂર્વક ચર્ચાવિચારણા કરવામાં આવી હતી ત્યારબાદ ખાતાઓની ફાળવણી કરવામાં આવી હતી. વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદીને શિક્ષણ, મહિલા અને બાળકલ્યાણની જવાબાદરી સોંપવામાં આવી છે. બાબુભાઈ









● અનુસંધાન પાન-૭ પર

## કોને કયુ ખાતુ અપાયુ

**કેબિનેટ કક્ષાના પ્રધાનો**

| | |
|---|---|
| નરેન્દ્ર મોદી(મુખ્યમંત્રી) | સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા, તાલીમ ઉદ્યોગ, ગૃહ ક્લાઈમેટ ચેન્જ, બંદરો, માહિતી પ્રસારણ, નર્મદા, કલ્પસર, વિજ્ઞાન અને ટેકનોલોજી, તમામ નીતિ અને કોઈ મંત્રીઓને નહીં મળેલા તમામ વિભાગ અને બાબતો. |
| નીતિનભાઈ પટેલ | નાણાં, આરોગ્ય, તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ, વાહનવ્યવહાર |
| આનંદીબેન પટેલ | મહેસુલ, દુષ્કાળ રાહત, જમીન સુધારણા, પુનઃવસવાટ, પુનર્નિર્માણ, માર્ગ મકાન, પાટનગર યોજના, શહેરીવિકાસ, શહેરી ગૃહનિર્માણ |
| રમણલાલ વોરા | સામાજિક ન્યાય અને અધિકારીતા, શૈક્ષણિકરીતે પછાતવર્ગોનું કલ્યાણ, રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ |
| ભૂપેન્દ્રસિંહ ચુડાસમા | શિક્ષણ(પ્રાથમિક, માધ્યમિક), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાય, અન્ન નાગરિક પૂરવઠો, ગ્રાહક બાબતો, પંચાયત ગ્રામ, ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ |

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

## વિભાગોની ફાળવણી મંત્રીમંડળના ઝડપી વિસ્તરણના સંકેતો આપે છે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેમના મંત્રીમંડળના સભ્યોને ખાતાઓની કરેલી ફાળવણી બાદ રાજ્ય મંત્રી મંડળનું વિસ્તરણ નજીકમાં જ કરાશે તેવા રાજકીય સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે મંત્રીઓને બેથી ત્રણ ખાતાઓની ફાળવણી કરાઈ છે, જેને કારણે મંત્રીમંડળના સભ્યોના કાર્યબોજમાં ભારેખમ વધારો જોવા મળી રહ્યો છે. મંત્રીઓને ખાતાઓ અને તેના પ્રભાગોની જરૂરિયાતમાંથી પ્રજાની વાતો સાંભળી નિકાલ માટેનો સમય નહીંવત રહે તેવા ગણિતો સાથે રાજકીય વર્તુળોમાંથી આ સંકેતો મળી રહ્યા છે.

રાજકીય પંડિતોના જણાવ્યા પ્રમાણે મુખ્યમંત્રી લોકસભાની ચૂંટણીમાં બધાને સાથે રાખી આગળ વધવા માગે છે અને એટલે જ વાયબ્રન્ટ સમીટ પછી બોર્ડ-નિગમોની નિમણૂંક માટેની કવાયત પણ હાથ ધરશે.

સરકાર સામે હાલ વાયબ્રન્ટ સમિટની સફળતાનું લક્ષ્યાંક છે અને તે માટેની કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. આ સંજોગોમાં હાલ વધારે પડતો કાર્યબોજ સંભાળી લેવા મંત્રીઓને જણાવવામાં આવ્યું છે.

જે રીતે કાર્યબોજ ફાળવવામાં આવ્યો છે તે જોતાં મંત્રીઓ પોતાના વિભાગો માટે કેટલો સમય ફાળવી શકશે તેને લઈ પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ થઈ રહી છે. જોકે એક વર્ગ એવું માને છે કે મંત્રીઓ અનુભવી છે અને જે મંત્રીઓ નવા છે તેઓ પણ ઝડપથી તૈયાર થઈ જશે.

ત્રણ મહિના સુધી આચારસંહિતાના પગલે કામગીરી જે અટવાઈ પડી હતી તેને લઈ પુનઃ વિભાગો ધમધમતા થાય તે જોવાની ખાસ સૂચના પણ આજની બેઠકમાં અપાઈ હોવાનું જાણવા મળેલ છે.

## ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખપદેથી સી જે ચાવડાનું રાજીનામું

**જશુભા રાણાને કાર્યકારી પ્રમુખ તરીકેનો કાર્યભાર સોંપાયો**

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગર ઉત્તર અને ગાંધીનગર દક્ષિણની બેઠકો પર થયેલા કોંગ્રેસના પરાજયની જવાબદારી નૈતિક રીતે સ્વીકારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. સી જે ચાવડાએ રાજીનામું આપતાં પ્રદેશ નેતાગીરીએ તેનો સ્વીકાર કરી અને જિલ્લાના કાર્યકારી પ્રમુખ તરીકેનો કાર્યભાર પ્રદેશ મહાંત્રી જશુભા રાણાને સુપ્રત કર્યો છે.

૨૦૧૦માં જિલ્લા કોંગ્રેસનું પ્રમુખપદ ડૉ. સી જે ચાવડાએ સંભાળ્યું હતું. બે વર્ષના ટૂંકા ગાળામાં જ તેમણે આ રાજીનામું આપ્યું છે. આમ તો તેમણે વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં પણ રાજીનામું આપ્યું હતું પરંતુ પ્રદેશ સમિતિએ તેનો અસ્વીકાર કરી સંગઠનના કાર્યમાં મદદરૂપ થવા કાર્યકારી પ્રમુખ તરીકે ધુળાજી ઠાકોરને પણ ચાર્જ આપ્યો હતો.

જશુભા રાણા પ્રદેશ મહામંત્રી બન્યા તે પૂર્વે જિલ્લા એકમના પ્રમુખ રહી ચૂક્યા છે. તેમના કાર્યકાળ દરમ્યાન ત્રણ વખત જિલ્લા પંચાયત પર કોંગ્રેસે પોતાનો કબજો જમાવ્યો છે. જશુભાએ આજે પોતાની નિમણૂંક થઈ હોવાનું જણાવતાં કહ્યું હતું કે નવા પ્રમુખની પસંદગી થાય ત્યાં સુધી તેઓ સંગઠનના ઈનચાર્જની જવાબદારી સંભાળશે.

ડૉ. સી જે ચાવડાએ તેમના કાર્યકાળ દરમ્યાન માણસા વિધાનસભાની પેટા ચૂંટણીમાં પક્ષના ઉમેદવારને વિજયી બનાવ્યા હતા.

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે જ ડૉ. ચાવડાએ આપેલા રાજીનામાને પગલે કોંગ્રેસ પક્ષમાં સન્નાટાની સ્થિતિ જોવા મળી રહી છે.

જિલ્લામાં સંગઠનને મજબૂત બનાવવા માટે તેમણે અનેકવિધ પગલાં ભર્યાં હતાં. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં પણ પક્ષના વિજય માટે તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

## તાલુકા પંચાયત માટે કોંગ્રેસે બે નિરીક્ષકો નિમ્યા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકા પંચાયતની આવી રહેલી ચૂંટણીઓ તથા જિલ્લા પંચાયતની સમિતિઓની પુનઃરચના માટે પ્રદેશ નેતાગીરીએ બે નિરીક્ષકોની નિયુક્તિ કરી છે.

ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર તથા બિપીનભાઈ ગઢવીની નિમણૂંક નિરીક્ષક તરીકે કરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારની પસંદગી ૧૫મી જાન્યુઆરીએ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સમિતિઓની રચના માટે સભ્યોને સાંભળી તે કામગીરી સંપન્ન કરવાની કામગીરી આ બંને નિરીક્ષકો સંભાળશે.

શૈલેષભાઈ પરમાર જિલ્લાના નિરીક્ષક તરીકે અગાઉ સેવા આપી ચૂક્યા છે અને જિલ્લાના સંગઠનથી સારી રીતે વાકેફ છે. શિક્ષણ સમિતિની રચના વિકાસ કમિશનર દ્વારા રદ કરાઈ ત્યારે વિવિધ સમિતિઓના ચેરમેનોના રાજીનામા વખતે તેમણે નિરીક્ષક તરીકે સેવાઓ આપી હતી.

દરમ્યાન જિલ્લા કોંગ્રેસ સમિતિના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા સંગઠનને મજબૂત બનાવવા માટે રચાયેલ સંકલન સમિતિની બેઠક ૧લી જાન્યુઆરીના રોજ મળશે. આ બેઠકમાં તાલુકા પંચાયતની ચૂંટણીને ધ્યાને રાખી રાજકીય સ્થિતિની સમીક્ષા કરવા ઉપરાંત ૧૫મીએ જિલ્લા પંચાયતની મળનારી સામાન્ય સભામાં સમિતિઓની પુનઃરચનાને મુદ્દે ચર્ચા વિચારણા થશે તેમ મનાઈ રહ્યું છે.

આ બેઠકમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામોનું વિશ્લેષણ પણ થાય તેવી શક્યતાઓ છે. જિલ્લા સંકલન સમિતિમાં નિમાયેલ બંને નિરીક્ષકો હાજર રહે તેવી સંભાવનાઓ છે. આ દિવસે તેઓ જિલ્લા પંચાયતના સભ્યોની બેઠક ક્યારે બોલાવવી, તેમના મન જાણવા સહિતની બાબતો અંગે પણ નિર્ણય લેવામાં આવશે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષની પ્રદેશ નેતાગીરીએ પણ વિધાનસભાની ચૂંટણી દરમ્યાન પક્ષ છોડી જનારા આગેવાન કાર્યકર્તાઓ અંગે વિગતવાર અહેવાલ માંગ્યો છે તેમજ તેમની આ ચૂંટણીમાં શું અસરો થઈ તે વિશેની પણ વિગતો માગી હોવાનું જાણવા મળેલ છે.

## મનપાનું અંદાજપત્ર સમયસર તૈયાર કરવા જણાવાયું : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૧૩-૧૪નું અંદાજપત્ર સમયસર તૈયાર કરવા માટે આજે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણભાઈ પટેલે મ્યુનિ. કમિશનરને એક પત્ર દ્વારા સૂચવી જણાવ્યું છે કે જીપીએમસી એક્ટની જોગવાઈ મુજબ ૨૦મી ફેબ્રુઆરી સુધીમાં બજેટ પસાર કરવું જરૂરી છે, તે પરંપરા અને પ્રથાનું ઉલ્લંઘન ન થાય તે જોવા તાકીદ કરી છે.

મળતી વિગતો પ્રમાણે મ્યુનિ કોર્પોરેશન દ્વારા ૨૦૧૨-૧૩ના બજેટમાં જે જોગવાઈઓ કરાઈ હતી અને આવકના અંદાજો રાખવામાં આવ્યા હતા તેમાં લગભગ તંત્ર સફળ રહ્યું છે. શહેરમાં મિલકત વેરાની વસુલાત પાંચ કરોડ ત્રીસ લાખ જેટલી થઈ છે અને હજુ મિલકત વેરાની વસુલાત ચાલુ છે. આ ઉપરાંત વ્યવસાય વેરાની આવક પણ લગભઘ સવા ત્રણ કરોડ જેટલી થવા જાય છે. આમ અંદાજપત્રમાં આવકના જે અંદાજો હતા તે પ્રાપ્ત કરવામાં તંત્ર મહદ્ અંશે સફળ રહ્યું છે.

૨૦૧૩-૧૪માં નવી આવકના સાધનો શું ઊભા કરવામાં આવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે. જોકે તંત્રએ સરકારની વિવિધ સહાયમાંથી મહત્તમ સહાય પ્રાપ્ત થાય તેના પર જ ધ્યાન કેન્દ્રીત કરવાનું મુનાસિબ માન્યું હોવાનું જાણવા મળેલ છે. જોકે બજેટ તૈયાર કરવાની કવાયત હજુ તંત્રએ હાથ ધરી નથી પરંતુ હવે સ્થાયી સમિતિના ચેરમેને લખેલા પત્ર પછી આ દિશામાં તંત્ર આગળ વધશે તેમ મનાઈ રહ્યું છે.

**વેચવાનું છે**

ઓફીસ ફર્નીચર, સોફા, ટીપોઈ, કબાટ, ટેબલ, ખુરશી, દરવાજા, પાર્ટીશન વેચવાના છે.

સંપર્ક :

મો. : ૯૪૨૮૪ ૦૭૬૨૪

**TVના રીમોટ મળશે**

આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.

મો : ૯૭૧૪૧૯૮૩૬૬

**કોમર્શીયલ બિલ્ડીંગ વેચાણ / ભાડે આપવાનું છે.**

આશરે 6500 sq.ft. બિલ્ટ અપ એરિયા. ફુલ પાર્કીંગ, BU પરમીશન સાથે રેડી પઝેશન

કોર્પોરેટ હાઉસ, હોસ્પિટલ, હોટલ/રેસ્ટોરન્ટ, હોસ્ટેલને લાયક.

Upcoming DMARTની બાજુમાં, "ક" રોડ, સેક્ટર-૨૮, ગાંધીનગર

સંપર્ક : 9825606310 - 9825584846 દલાલ માફ કરશો છે.

